# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-11-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી ગૃહવિભાગની ઉચ્ચસ્તરીય બેઠકમાં નવા એસડીપીઓ મથક સહિતના મુદ્દે વિસ્તૃત ચર્ચા
2. વાવ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીનો પ્રચાર વેગવંતો બન્યો
3. રાજ્યના મહત્વકાંક્ષી એવા નર્મદા જીલ્લામાં જળ પ્રત્યેની જાગૃતિ વધારવા જળ ઉત્સવનો આરંભ થયો
4. દિવાળીના તહેવારો દરમિયાન એસટી નિગમે છ હજાર છસ્સો કરતાં વધુ બસો દોડાવાતા 16 કરોડની આવક
5. યાત્રાધામ પાવાગઢમાં મહાકાળી મંદિરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલીને આરોપીને ઝડપતી પોલીસ
6. આજે લાભપાંચમે વેપાર રોજગારનો આરંભ - મોરબી સહિત રાજ્યભરના માર્કેટિંગ યાર્ડ ફરી ધમધમ્યા

---------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## POLICE MEET

રાજ્યના ગૃહવિભાગની આજે ઉચ્ચસ્તરીય બેઠક ગાંધીનગર ખાતે યોજાઇ હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવા અંગેની વિસ્તૃત ચર્ચા થઇ હતી.. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી, રાજ્ય પોલીસ વડા તથા મુખ્ય સચિવ સહીત અધિકારીઓ સાથેની આ બેઠકમાં રાજ્યમાં પોલીસ વિભાગમાં નવા એસડીપીઓ મથકો, હયાત જગ્યાઓ બાબતે સમીક્ષા કરવામા આવી હતી...

.................

## BANASKANTHA- VAV BY ELECTION

બનાસકાંઠાના વાવ વિધાનસભા પેટા ચૂંટણીનો પ્રચાર પ્રસાર વેગવંતો બન્યો છે..વાવની પેટા ચૂંટણીમાં ભાજપ કોંગ્રેસ સહિત અપક્ષ ઉમેદવારો ગામડે ગામડે મતદારોને રિઝવવા માટે બેઠકો કરી રહ્યા છે. સંગઠનના નેતાઓ પણ ગામડે ગામડે સભાઓ કરી મતદારોનો વિશ્વાસ જીતવા માટે ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યા છે. જેમાં ભાજપ ઉમેદવાર સ્વરૂપજી ઠાકોર પણ પ્રચાર કરી જન આશીર્વાદ મેળવી રહ્યા છે. આજે ભાજપ ઉમેદવારે વાવ વિધાનસભાના વાવડી જુવા ગામે લોક સંપર્ક કર્યો હતો.

બીજી તરફ કોંગ્રેસ ઉમેદવાર ગુલાબસિંહ રાજપૂતે પણ આજે ડોર ટુ ડોર પ્રચાર માટે ગામડાઓમાં સભાઓ કરી હતી.

વાવ વિધાનસભામાં ત્રીપાખીઓ જંગ જામ્યો છે. જેમાં અપક્ષ ઉમેદવાર માવજી પટેલ પણ મતદારોને આકર્ષવા માટે સભાઓ કરી રહ્યા છે.

---------

## NAMRADA JAL UTSAV

રાજ્યનો મહત્વકાંક્ષી જિલ્લો એવા નર્મદા જીલ્લામાં આજથી જળ ઉત્સવનો આરંભ થયો છે.. નીતિ આયોગ દ્વારા આયોજીત દેશભરના મહત્વકાંક્ષી જિલ્લાઓમાં આજથી ૨૦ નવેમ્બર સુધી આ ઉત્સવ યોજાશે.. જળ ઉત્સવ અભિયાનનો નાંદોદ તાલુકાના જીતગઢ ગામેથી તેનો આરંભ થયો હતો.. નાંદોદના ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખે જળ સંગ્રહ સ્થળોની પૂજા કરી જળઉત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. નર્મદા જિલ્લાના નાગરિકોને જળ વ્યવસ્થાપન, જળ સંચય અને ટકાઉપણાના મહત્વ પ્રત્યે જાગૃત રહેવા અપીલ કરી હતી.

(બાઈટ - દર્શનાબેન દેશમુખ (ધારાસભ્ય, નાંદોદ)

----------------------

## S.T.VIBHAG

રાજ્યમાં દિવાળીના તહેવારો દરમિયાન એસ.ટી વિભાગને 16 કરોડથી વધુની આવક થઇ છે. એસ.ટી. વિભાગે એક અઠવાડિયામાં ૬ હજાર ૬૧૭ વધારાની બસો દોડાવી હતી, જેને પગલે કરોડોની આવક થઇ છે. એક

સપ્તાહમાં ૭ લાખથી વધુ ટિકિટોનું બુકીંગ કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર ચોથી નવેમ્બરે એક જ દિવસમાં પોણા બે લાખથી વધુ સીટોનું બુકિંગ થયું હતું. તો સવા ત્રણ કરોડની આવક સાથે એડવાન્સ બુકિંગનો રેકોર્ડ પણ એસ.ટી.વિભાગે નોંધાવ્યો છે.

સુરત ખાતેથી સૌથી વધુ ૧ હજાર ૩૫૯ વધારાના ફેરા કરાતાં નિગમને ૨ કરોડ ૫૭ લાખની આવક થઇ છે.

દિવાળીનો તહેવાર નાગરીકો પોતાના વતનમાં જઈને જ ઉજવે છે તેવી એક પરંપરા રહી છે. આ તહેવારોને ધ્યાને લઈને લોકોને યોગ્ય અને પુરતી સુવિધા મળી રહે તે માટે એસ.ટી નિગમે તમામ વ્યવસ્થા કરી હતી.

-----------------------------------

## PANCHMAHAL- PAVAGADH MANDIR MA CHORI

સુપ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ એવા પંચમહાલના પાવાગઢ ખાતે ગત 28 ઓક્ટોબરે થયેલી ચોરીનો ભેદ ઉકેલાઇ ગયો છે. પોલીસે ટેકનિકલ અને હ્યુમન સર્વેલન્સને આધારે આરોપીની ધરપકડ કરી હતી.. આરોપી સુરતના ઉમરપાડાના નસારપુર ગામેથી ઝડપાયો હતો..

પ્રાથમિક પૂછપરછમાં આરોપી સટ્ટાખોરીની આદતવાળો હોઈ ઓનલાઈન ગેમ માં લાખો રૂપિયા હારી જતા માથે દેવું થઈ જતા ચોરી નું પગલું ભર્યું હોવાનું પોલીસને જણાવ્યું હતું.. પંચમહાલ જીલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકીએ જણાવ્યું હતું કે આરોપી પાસેથી સોનાના છ હાર અને બે મુગટ સહિત 78 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે..

(બાઇટ – હિમાંશુ સોલંકી, જીલ્લા પોલીસ અધિક્ષક, પંચમહાલ)

-----------------------------------

## STATUE OF UNITY

દિવાળીની રજાઓના ચાર દિવસ દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટીની સાડા ત્રણ લાખ કરતાં વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી.

એક અંદાજ મુજબ પચાસ હજારથી વધુ પ્રવાસીઓએ આ સ્થળની મુલાકાતે આવતાં હોવાના કારણે એસટીની 40 બસોની સેવા લેવાઇ હતી..પ્રવાસીઓની આ સંખ્યા રેકોર્ડ બ્રેક સમાન રહી છે...આ ચાર દિવસ દરમિયાન આવનાર પ્રવાસીઓ માત્ર ગુજરાત જ નહીં પરંતુ દેશના અલગ અલગ રાજ્યોમાંથી ઉમટી પડ્યા હતા. હજારોની સંખ્યામાં પ્રવાસીઓ આવવાના કારણે સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા, ગરુડેશ્વર દેવળીયા, રાજપીપળા વિસ્તારમાં આવેલા હોટલ રેસ્ટોરન્ટ ઉદ્યોગને પણ ઘણો ફાયદો થયો હતો..કેવડિયામાં છેલ્લા ૬ વર્ષમાં એક કરોડ ૫૦ લાખથી પણ વધુ પ્રવાસીઓ મુલાકાત લઇ ચૂક્યા છે.

----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

## LABHPANCHMI

આજે લાભ પાંચમથી વેપાર ધંધાની શરૂઆત કરવામાં આવી. દિવાળી પછીની આ પાંચમે સૌ કોઇ રજા બાદ પોતાના કાર્યની શરૂઆત કરે છે. જેને શુભ દિવસ માનીને વેપાર ધંધામાં સફળતા મળે છે. વર્ષ દરમિયાન સારા વેપાર રોજગારની આશા સાથે વેપારીઓએ આજે આ દિવસની શરૂઆત પૂજન અર્ચન સાથે કરી હતી..

દીવાળીના મીની વેકેશન બાદ મોરબી, વાંકાનેર અને હળવદ માર્કેટિંગ યાર્ડ ધમધમતું થયું હતું, જ્યાં હરાજી સહિતના કામકાજ શરુ કરવામાં આવ્યાં છે. મોરબી માર્કેટિંગ યાર્ડના સેક્રેટરી કાંતિલાલ પટેલ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મીની વેકેશન બાદ આજે લાભ પાંચમથી હરાજી શરુ કરવામાં આવી હતી.

(બાઈટ : કાંતિલાલ પટેલ, યાર્ડ સેક્રેટરી મોરબી )

પાટણનું માર્કેટયાર્ડ પણ લાભ પાંચમના શુભ દિવસથી આજથી ધમધમતું થયું છે. લાભ પાંચમના મુહૂર્તના દિવસે આજે એપીએમસીમાં સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં માર્કેટ કમિટીના ચેરમેન તથા ડિરેક્ટરો અને વેપારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

----------------

# WEATHER

ગુજરાત રાજ્યમાં છેલ્લા બે સપ્તાહથી દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે, જે હજુ પણ આગામી સાત દિવસ તાપમાન યથાવત રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

ઉલ્લેખનીય છે કે નવેમ્બર મહિનાના લાંબા ગાળાના વાતાવરણના પુર્વાનુંમાન મુજબ  રાજ્યમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં નીચું જ્યારે લધુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતાઓ છે. જેને પગલે અમદાવાદ સહિતના કેટલાક જિલ્લાઓમાં છેલ્લા 24 કલાક દરમિયાન વાતાવરણ ગરમ રહ્યું હતું.

------------------------

## PMJVY PANCHMAHAL

પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૫ લાખ ૧૦ હજાર ૧૮૬ લોકોએ યોજના હેઠળ જીવન વીમા કવચનો લાભ મેળવ્યો છે. અત્યાર સુધીમાં આ યોજના અંતર્ગત અંદાજીત ૩૦ કરોડ ૩૪ લાખ રૂપિયા જેટલી રકમના કુલ ૧ હજાર ૫૧૭ દાવાઓની ચૂકવણી કરવામાં આવી છે.

માત્ર ૪૩૬ રૂપિયાના વાર્ષિક પ્રિમિયમ સામે બે લાખ રૂપિયાના કવરેજ દ્વારા જીવન વીમા કવચ આપતી પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજનામાં ૧૮ થી ૫૦ ની વયનો કોઈપણ ભારતીય નાગરિક નોંધણી કરાવી શકે છે.

---------

## SCHOOL GAMES

રાજ્યમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરીઓના સંયુક્ત ઉપક્રમે અખિલ ભારતીય શાળાકીય રમત સ્પર્ધાઓ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ રહી છે. અમદાવાદના ગોધાવી ખાતે સંસ્કારધામ સ્કૂલ કેમ્પસમાં આવેલા વિજયી ભારત ફાઉન્ડેશન ખાતે ૧૦ નવેમ્બર સુધી રાજ્ય કક્ષાની ફેન્સિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, અમદાવાદ ગ્રામ્યના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહેલી રાજ્ય કક્ષાની ફેન્સિંગ સ્પર્ધાઓમાં અંડર ૧૪, ૧૭ અને ૧૯ વયજૂથના એક હજારથી વધુ ખેલાડી ભાઈઓ-બહેનો ભાગ લેશે.

-----------------------------------

## DAHOD POLICE

દાહોદમાં પોલીસે માર્ગ અકસ્માતના બનાવો સંદર્ભે બહુપરિમાણીય વિશ્લેષણ કરી માર્ગ અકસ્માતમાં ઘટાડો કરવા માટે કામગીરી કરી છે. જેને પરિણામે દાહોદ જીલ્લામાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૮૫ વાહન અકસ્માતોમાં ઘટાડો થયો છે, એટલું જ નહિ, ૬૯ માનવ જીવન બચાવવામાં સફળતા મળી છે. ટ્રાફિક અવેરનેસ, ડ્રંક એન્ડ ડ્રાઇવ, હેલ્મેટ-સીટ બેલ્ટ સહિતની ખાસ ડ્રાઇવ ઉપરાંત ડ્રોન

કેમેરાના ઉપયોગથી અસરકારક ટ્રાફિક મેનેજમેન્ટની પ્રશંસનીય કામગીરી માટે દાહોદ જિલ્લા પોલીસ વડા અને તેમની સમગ્ર ટીમને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા છે.

-------

## DAMAN PAKSHI GHAR

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં તાજેતરમાં બનાવાયેલા પક્ષી ઘરમાં વિદેશી પક્ષીઓ પર્યટકો સાથે રમતા જોવા મળી રહ્યા છે. થોડા સમય પહેલા ઉપરાષ્ટ્રપતિ દ્વારા ઉદ્ઘાટન કરાયેલા આ પક્ષી ઘરમાં દિવાળીની રજામાં હાલ દરરોજ હજારોની સંખ્યામાં પર્યટકો આવી રહ્યા છે.

--------------

## MEHSANA KUPOSHANMUKT

મહેસાણા જિલ્લામાં બાળકોને કુપોષણથી મુક્ત કરવા માટે આરોગ્ય વિભાગે નવો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, હવે આંગણવાડી કેન્દ્રો પર આરોગ્ય વિભાગની દેખરેખ હેઠળ કુપોષિત બાળકોને વ્હાલું બાળક અને પ્રિય બાળક નામ અપાશે. આ માટે જિલ્લા કલેક્ટરે સૂચના આપી છે. આવા બાળકો પર  વિશેષ ધ્યાન અપાશે.

ઉપરાંત સગર્ભા મહિલાઓને આવનારા બાળકના ઉછેર, પદ્ધતિ અને આહાર અંગેની માહિતી અપાશે. જિલ્લા નૉડલ ઑફિસર ડૉક્ટર ખુશ્બૂ સોલંકીએ જણાવ્યું કે, યોગ્ય ધાવણ પદ્ધતિથી કુપોષણ મટાડી શકાય છે. આ પ્રૉજેક્ટ દ્વારા આરોગ્ય વિભાગની ટુકડીઓ મહિલાઓને યોગ્ય ધાવણ પદ્ધતિથી માહિતગાર કરશે.

-----------------